# શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળ

## એકઝીકયુટીવ તથા એકેડેમિક કાઉન્સીલની તા.૨૯/૦૪/૨૦૨૧નાં રોજની સંયુકત બેઠકની કાર્યનોંધ

................................................................................................................................

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીની એકઝીકયુટીવ તથા એકેડેમિક કાઉન્સીલની સંયુકત બેઠક તા.૨૯/૦૪/૨૦૨૧ નાં રોજ બપોરે ૦૩:૦૦ કલાકે ઓનલાઈન વેબેક્ષનાં માધ્યમથી આયોજિત કરવામાં આવેલ હતી. આ બેઠકમાં નીચે મુજબનાં મહાનુભાવો ઉપસ્થિત રહેલ હતા.

(૧) માન.કુલપતિશ્રી – અધ્યક્ષશ્રી
(૨) ડો.કૃષ્ણપ્રસાદ નિરૌલા
(૩) ડૉ. પંકજભાઈ ત્રિવેદી
(૪) ડૉ. જીતેન્દ્રભાઈ બ્રહ્મભટ્ટ
(૫) ડૉ. લલિતકુમાર પટેલ
(૬) પ્રિ. અર્જુનકુમાર શામલ
(૭) ડો.આશાબેન માઢક
(૮) ડો.જે.પી.એન.દ્વિવેદી
(૯) શ્રી અશોક સોમેશ્વર જોષી
(૧૦) શ્રીમતી સોનિયા સી.પટેલ
(૧૧) ડૉ. રાજેસ સી. વ્યાસ
(૧૨) ડો.મહેશભાઈ ઠાકર
(૧૩) ડૉ. શ્વેતાબેન જેજુરકર
(૧૪) ડૉ. યોગેશ ત્રિવેદી
(૧૫) ડૉ. ભાવપ્રકાશ ગાંધી
(૧૬) શ્રી જયશંકરભાઈ રાવલ
(૧૭) ડૉ. નરેન્દ્રકુમાર એલ.પંડયા
(૧૮) ડૉ. દિપેશ વિનોદ કતિરા
(૧૯) ડૉ. સંજયકુમાર એલ.જોષી
(૨૦) ડૉ. અમીષાબેન દવે
(૨૧) ડો.અશ્વિનભાઈ રાજગોર
(૨૨) ડો.હરેશભાઈ ભટ્ટ
(૨૩) શ્રી નંદકિશોરભાઈ મહેતા
(૨૪) ડૉ. દશરથ જાદવ – કુલસચિવ

સૌ પ્રથમ માન.કુલપતિશ્રી દ્વારા ઉપસ્થિત સૌ મહાનુભાવોનું સ્વાગત કરવામાં આવ્યું. ત્યારબાદ કુલસચિવશ્રી દ્વારા એજન્ડા મુજબની કાર્યવાહી કરવામાં આવી ચર્ચા–વિચારણાને અંતે સર્વાનુમતે નીચે મુજબના નિર્ણયો લેવામાં આવ્યા.

**સંયુકત બેઠક માટેના એજન્ડા :–**

૩૮.૦૧/૭૪.૦૧ કરેલ કામગીરીનો અહેવાલ રજૂ કરવા અંગે.

**ઠરાવ :** કુલસચિવશ્રી દ્વારા તા.૦૨/૦૧/૨૦૨૧ થી તા.૨૮/૦૪/૨૦૨૧ સુધી યુનિવર્સિટીમાં વિવિધ વિભાગોમાં થયેલ કામગીરીનો અહેવાલ રજૂ કરવામાં આવેલ હતો. જેની સર્વે નોંધ લઈ બહાલી આપી હતી.

૩૮.૦૨/૭૪.૦૨ પરીક્ષા સમિતિની બેઠકમાં લેવાયેલ નિર્ણયને બહાલી આપવા બાબત.

**ઠરાવ :** યુનિવર્સિટીની તા.૦૯/૦૪/૨૦૨૧નાં રોજની પરીક્ષા સમિતિની બેઠકમાં લેવાયેલ નિર્ણયની કાર્યનોંધને કુલસચિવશ્રી દ્વારા તમામ સભ્યો સમક્ષ રજૂ કરવામાં આવેલ હતી. આ બેઠકમાં આગામી મે માસમાં પરીક્ષા અંગે લેવાયેલ નિર્ણય બાબતે એ.સી./ઈ.સી.નાં તમામ સભ્યશ્રીઓએ માન.કુલપતિશ્રી તથા કુલસચિવશ્રી સાથે વિસ્તુત રીતે ચર્ચા કરી હતી. જેમાં મહાવિદ્યાલયમાં સરકારશ્રી દ્વારા જાહેર કરવામાં આવેલ વેકેશન, યુનિવર્સિટી કેમ્પસ,મહાવિદ્યાલય તથા કોલેજમાં અભ્યાસ કરતા અન્ય રાજયોનાં વિદ્યાર્થીઓ હાલ પોતાનાં વતનમાં જતા રહેલા હોય પરત બોલાવવા કે કેમ ?

Shree Somnath Sanskrit University Veraval Gir Somnath

વિદ્યાર્થીઓની ઓનલાઈન પરીક્ષા લેવી કે કેમ ?, શાસ્ત્રી તૃતીય વર્ષનાં અંતિમ સેમેસ્ટર અને આચાર્ય દ્વિતીયનાં અંતિમ સેમેસ્ટરની પરીક્ષા લેવી જયારે અન્ય સેમેસ્ટરમાં માસ પ્રમોશન આપવું કે કેમ ? આ અંગે થયેલ ચર્ચાને અંતે નિર્ણય કરવામાં આવેલ કે હાલ જે પરીક્ષાઓની તારીખ નકકી થયેલ છે તેમાં પરીક્ષા લેવી અનુકુળ ન હોય આ પરીક્ષાઓ હાલ પુરતી મૌકુફ રાખવી તેમજ રાજય સરકારશ્રીનાં શિક્ષણ વિભાગ તરફથી આ અંગે જે સુચના મળે તે સુચના મુજબ પરીક્ષાનું આયોજન કરવુ તેમજ રાજય સરકારશ્રીનાં મહાવિદ્યાલયનાં વેકેશનને ધ્યાને લઈ તેમજ હાલની કોરોના મહામારીને ધ્યાને લઈ યુનિવર્સિટીની લેવાની થતી તમામ પરીક્ષાઓ ૧૦ જુન બાદ લેવી તેમ નકકી કરવામાં આવ્યું જયારે અન્ય બાબતોમાં સમિતિ દ્વારા લેવાયેલ નિર્ણયોને બહાલી આપવામાં આવી.

૩૮.૦૩/૭૪.૦૩ સંશોધન સમિતિની બેઠકમાં લેવાયેલ નિર્ણયને બહાલી આપવા બાબત.

ઠરાવ : યુનિવર્સિટીની સંશોધન સમિતિની બેઠકમાં લેવાયેલ નિર્ણયની કાર્યનોંધ કુલસચિવશ્રી દ્વારા રજૂ કરવામાં આવેલ હતી અને પીએચ.ડી.નાં માર્ગદર્શક તરીકેની માન્યતા બાબત અને તેમને ફાળવવાનાં થતા વિદ્યાર્થીઓ બાબતે લેવાયેલ નિર્ણયની જાણ કરેલ હતી અને તમામ સભ્યશ્રીઓ દ્વારા સર્વાનુમતે એ નિર્ણયને તેમજ બેઠકની કાર્યનોંધને બહાલી આપવામાં આવી.

૩૮.૦૪/૭૪.૦૪ પ્રકાશન સમિતિની બેઠકમાં લેવાયેલ નિર્ણયને બહાલી આપવા બાબત.

ઠરાવ : યુનિવર્સિટીની પ્રકાશન સમિતિની બેઠકમાં લેવાયેલ નિર્ણયની કાર્યનોંધને કુલસચિવશ્રી દ્વારા રજૂ કરવામાં આવેલ હતી અને યુનિવર્સિટી દ્વારા જે બજેટમાં જોગવાઈ હોય તે રીતે પ્રકાશન થઈ રહેલ છે તે બાબતને રજૂ કરેલ હતી તેમજ સમિતિમાં લેવાયેલ તમામ નિર્ણયોને સર્વાનુમતે બહાલી આપવામાં આવેલ હતી.

૩૮.૦૫/૭૪.૦૫ અભ્યાસક્રમ સમિતિની બેઠકમાં લેવાયેલ નિર્ણયને બહાલી આપવા બાબત.

ઠરાવ : યુનિવર્સિટીમાં ચાલતા અભ્યાસક્રમને રીવાઈઝ કરવા માટે માન.કુલપતિશ્રી દ્વારા બનાવવામાં આવેલ અભ્યાસક્રમ સમિતિની બેઠકમાં લેવાયેલ નિર્ણયની કાર્યનોંધ કુલસચિવશ્રી દ્વારા રજૂ કરવામાં આવેલ હતી. જેમાં આગામી શૈક્ષણિક સત્ર ૨૦૨૧–૨૨ થી શાસ્ત્રી, આચાર્યનો હાલ ચાલી રહેલ અભ્યાસક્રમ રીવાઈઝ કરી નવો અભ્યાસક્રમ તૈયાર કરી ક્રમશઃ અમલમાં મુકવો તેમ જણાવેલ હતું. જેમાં કુલસચિવશ્રી દ્વારા જણાવેલ કે યુનિવર્સિટીનાં ૧૩માં પદવીદાન સમારોહ બાદ ગોલ્ડ મેડાલીસ્ટવિદ્યાર્થીઓની સાથે માન.કુલપતિશ્રી,કુલસચિવશ્રી,ડીનશ્રીની ઉપસ્થિતિમાં મિટીગ કરેલ અને તેઓના અભ્યાસક્રમ અંગે અભિપ્રાય જાણતા તેઓએ કહયું હતું કે યુનિવર્સિટીમાં અંગ્રેજી અને કમ્પ્યુટર વિષય પર ભાર મુકવો જરૂરી છે જેથી સંસ્કૃતનો વિદ્યાર્થી અંગ્રેજી/કમ્પ્યુટરનું જ્ઞાન ધરાવતા હોય તો બહાર સ્પર્ધામાં ટકી શકે. હાલ જે ભણાવવામાં આવે છે તે પર્યાપ્ત

Shree Somnath Sanskrit University Veraval Gir Somnath

નથી. આ અંગે વિગતે ચર્ચા કરી નિર્ણય કરવામાં આવ્યો કે અંગ્રેજી અને કમ્પ્યુટર વિષયને શાસ્ત્રીકક્ષાનાં , શિક્ષાશાસ્ત્રીકક્ષાનાં વિષયમાં પેપર નંબર–૩માં આપવામાં આવતા વિકલ્પોમાં અંગ્રેજી વિષયનો વધુ એક વિકલ્પ આપવો જોઈએ. તેમજ પેપર નંબર–૪માં આપવામાં આવતા વિકલ્પોમાં ICT વિષયનો વધુ એક વિકલ્પો આપવો જોઈએ. તે સુચન કરતા યુનિવર્સિટીનાં આધુનિક સંકાયનાં ડીનશ્રી અને કોલેજનાં આચાર્યશ્રીએ આ અંગે અનુમોદન આપેલ અને ત્યાર બાદ સર્વાનુમતે બંને પેપરોમાં વૈકલ્પિક વિષયો તરીકે અંગ્રેજી તથા કમ્પ્યુટર આપવાં તેમ નિર્ણય કરવામાં આવેલ.

૩૮.૦૬/૭૪.૦૬ નવી બી.એ.બી.એડ્.કોલેજની વિવિધ સમિતિની બેઠકમાં લેવાયેલ નિર્ણયને બહાલી આપવા બાબત.

ઠરાવ : યુનિવર્સિટી કેમ્પસ પર અગામી શૈક્ષણિક સત્ર ૨૦૨૧–૨૨થી શરૂ થનાર નવી બી.એ.બી.એડ્.કોલેજની વિવિધ સમિતિની બેઠકમાં લેવાયેલ નિર્ણયની કાર્યનોંધને કુલસચિવશ્રીએ તમામ સભ્યશ્રીઓ સમક્ષ રજૂ કરેલ હતી. જેમાં પ્રવેશનાં નિયમો, હોસ્ટેલનાં નિયમો, ભોજન, વિદ્યાર્થીઓ પાસેથી કેટલી ફી લેવી વગેરે બાબતો અંગે વિવિધ સમિતિમાં લેવાયેલ નિર્ણયને બહાલી આપવામાં આવેલ હતી.

વિશેષમાં આ અંગે કુલસચિવશ્રીએ અભ્યાસક્રમ બાબતે જણાવેલ કે સમિતિ દ્વારા શાસ્ત્રી શિક્ષાશાસ્ત્રી(બી.એ.બી.એડ્.) ઈન્ટીગ્રેટેડ અભ્યાસક્રમ બનાવેલ છે તેમાં પણ હાલ શાસ્ત્રી કક્ષામાં જે વિષયો અને પેપરો ચાલી રહેલ છે તેમાં ફેરફાર કરવાનો નિર્ણય કરેલ છે તેમ શાસ્ત્રી કક્ષામાં ખાસ અંગ્રેજી વિષય અને કમ્પ્યુટરવિષય ઉમેરવો જોઈએ. જેમાં હાલ ચાલી રહેલા અભ્યાસક્રમમાં પેપર–૨માં ચાલતા કમ્પ્યુટર–અંગ્રેજીનાં પેપરમાં બંને વિષયોનું વેઈટેઝ ૫૦–૫૦ % રહેવું જોઈએ. તેમજ પેપર નંબર–૩માં યુનિવર્સિટી દ્વારા હાલ વિકલ્પમાં જે બે વિષયો ગુજરાતી તથા હિન્દી આપવામાં આવે છે તેમની સાથે સાથે ત્રીજો વિષય અંગ્રેજી આપવો જોઈએ. જેથી સંસ્કૃત વિષયનો વિદ્યાર્થી અંગ્રેજી વિષયનું પણ જ્ઞાન મેળવી શકે. તેમજ પેપર નં.૪માં અર્થશાસ્ત્ર,સમાજશાસ્ત્ર,ઈતિહાસ તથા રાજનિતિ શાસ્ત્ર વિષયની સાથે ICT વિષય પણ વિદ્યાર્થીઓને પસંદગી માટે આપવો જોઈએ. તેમ સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું. તેમજ યુનિવર્સિટીમાં સરકારશ્રી દ્વારા શૈક્ષણિક જગ્યાઓ મંજૂર થયેલ છે ત્યારે આ અંગે ત્વરિત અભ્યાસક્રમો બનાવી ચાલુ વર્ષથી અમલમાં મુકવા ઠરાવવામાં આવ્યું. તેમજ પેપર નંબર–૨માં આવતા કમ્પ્યુટર–અંગ્રેજીનાં અભ્યાસક્રમને વિદ્યાર્થીઓને હાલની નવી ટેકનોલોજી સાથે સમન્વય સાધી શકે તેવો બેઝીક અભ્યાસક્રમ બનાવવો તેમ નકકી કરવામાં આવ્યું.

Shree Somnath Sanskrit University Veraval Gir Somnath

૩૮.૦૭/૭૪.૦૭ નવા જોડાણ માટે આપેલ જાહેરાતનાં અનુસંધાને આવેલ ડિપ્લોમા તથા PGDCA અભ્યાસક્રમની અરજીઓ ચકાસી સંસ્થાની LICકરી માન્યતા આપવા બાબત.

ઠરાવ : નવા જોડાણ માટે આપેલ જાહેરાતનાં અનુસંધાને આવેલ ડિપ્લોમાં તથા પીજીડીસીએ અભ્યાસક્રમની અરજીઓ ચકાસી સંસ્થાની એલ.આઈ.સી. કરી સંસ્થાઓને માન્યતા આપવી તેમ સર્વાનુમતે નકકી કરવામાં આવ્યું. આ અંગે શ્રી જયશંકરભાઈ રાવલે જણાવેલ કે સંસ્થાની એલ.આઈ.સી. કરવા માટે જે મહાનુભાવો જાય તે યુનિવર્સિટીનાં નિયમાનુસાર સંસ્થા પાસે સુવિધા અને અન્ય જરૂરીયાત મુજબની માળખાકીય સુવિધા છે કે કેમ તે ચકાશે અને કોઈની શરમ રાખયા વિના કે કોઈ પ્રલોભન વિના LIC નો રીપોર્ટ કરે તે જરૂરી છે. ત્યારે કુલસચિવશ્રી દ્વારા જણાવેલ છે કે યુનિવર્સિટી આ બાબતે સૌને અવગત કરે છે અને તેમનાં રિપોર્ટને આધારે જ માન્યતા આપવાની કામગીરી કરે છે આમ છતાં કોઈ સંસ્થા પ્રલોભન આપે તો આ અંગે યુનિવર્સિટીને તેની લેખિતમાં જાણ કરે તેમ વિનંતી કરી હતી.

૩૮.૦૮/૭૪.૦૮ હાલ કાર્યરત ૨૦ પી.જી.ડી.સી.એ.અભ્યાસક્રમની રીન્યુ માટેની મંગાવેલ અરજીઓની LIC કરવા બાબત.

ઠરાવ : હાલ કાર્યરત ૨૦ પી.જી.ડી.સી.એ.અભ્યાસક્રમની રીન્યુ માટેની મંગાવેલ અરજીઓની LIC કરવા બાબતે ચર્ચા વિચારણા કરી જે સંસ્થાની એલ.આઈ.સી. ફી આવેલ છે તે તમામ સંસ્થાઓની LIC કરી જો તેઓ યુનિવર્સિટીનાં નિયમાનુસાર પીજીડીસીએ સ્ટડી સેન્ટર ચલાવતા હોય અને તે મુજબ તેઓની સંસ્થામાં માળખાકિય સુવિધા હોય તો માન્યતા માટેની ભલામણને ઘ્યાને લઈ તેઓની માન્યતા રીન્યુ કરવી તેમ સર્વાનુમતે નકકી કરવામાં આવ્યું.

૩૮.૦૯/૭૪.૦૯ સ્વનિર્ભર ધોરણે ચાલતી સંસ્કૃત કોલેજની અન્ય યુનિવર્સિટીઓની જેમ LIC કરી કોલેજનું જોડાણ રીન્યુ કરવા બાબત.

ઠરાવ : યુનિવર્સિટી સંલગ્ન સ્વનિર્ભર સંસ્કૃત કોલેજની અન્ય યુનિવર્સિટીઓની જેમ LIC કરી કોલેજનું જોડાણ રીન્યુ કરવા બાબતે ચર્ચા વિચારણા કરવામાં આવી જેમા યુનિવર્સિટીએ જે સંસ્થાને કોલેજનો દરજજો આપેલ છે તેવી બી.એ.તથા બી.એડ્. કોલેજોને આગામી શૈક્ષણિક સત્ર ૨૧–૨૨ની માન્યતા રીન્યુ કરતા પહેલા તેઓની કોલેજની જે રીતે રાજયની અન્ય યુનિવર્સિટીઓ LIC કરતી હોય તેવી રીતે અત્રેની યુનિવર્સિટી સાથે જોડાયેલ કોલેજની નિયત ફોર્મ બનાવી LIC કરવી તેમ નકકી કરવામાં આવ્યું આ માટે જરૂરી LIC ફી રૂા.૭,૫૦૦/– રાખવામાં આવી. જેની કોલેજોને જાણ કરવી અને ફી મળ્યેથી LIC કરી તેનાં રિપોર્ટને ઘ્યાને લઈ માન્યતા પત્ર આપવામાં આવે ત્યારે જોડાણ ફી ભરાવવી તેમ નકકી કરવામાં આવ્યું.

Shree Somnath Sanskrit University Veraval Gir Somnath

૩૮.૧૦/૭૪.૧૦ નેક કામગીરી અંતર્ગત ક્રાઈટએરીયા–૧માં અભ્યાસક્રમ તથા એકેડેમીક બાબતો અંગે જે માહિતી આપેલ છે તેમની જાણ કરવા બાબત.

ઠરાવ : યુનિવર્સિટી દ્વારા NAAC કામગીરી અંતર્ગત ક્રાઈટએરીયા–૧માં અભ્યાસક્રમ તથા એકેડેમીક બાબતો અંગે જે માહિતી આપેલ છે તેમની જાણ કરવામાં આવી અને જે રીતે નેક ટીમનાં ક્રાઈટએરીયામાં જે ફોર્મેટમાં માહિતી માંગેલ હતી તે ભરવામાં આવી છે આ બાબતને કમિટિ સમક્ષ રજૂ કરવામાં આવેલ અને આપવામાં આવેલ બાબતોની બહાલી આપવામાં આવી.

૩૮.૧૧/૭૪.૧૧ શૈક્ષણિક વર્ષ ૨૧–૨૨થી યુનિવર્સિટી સંલગ્ન સંસ્કૃત કોલેજમાં 4 Years Innovative B.A.B.ed. (Sanskrit) કોલેજની માન્યતા આપી પ્રથમ વર્ષે ૫૦ સીટ ફાળવેલ છે તેમની જાણ કરવા બાબત.

ઠરાવ : શૈ.વર્ષ ૨૧–૨૨થી યુનિવર્સિટી સંલગ્ન સંસ્કૃત કોલેજમાં 4 Years Innovative B.A.B.ed. (Sanskrit) કોલેજની માન્યતા આપવામાં આવી છે તેથી કોલેજમાં બી.એ. તથા બી.એ.બી.એડ્.એમ બે પ્રવાહમાં ચાલશે.જેનો સરકારશ્રીમાંથી મંજૂર થયેલ સ્ટાફ કોલેજના આચાર્યશ્રીનાં માર્ગદર્શનમાં કાર્ય કરશે કોલેજમાં પ્રથમ વર્ષે ૫૦ સીટ ફાળવેલ છે તે મુજબ નિયમાનુસારની કાર્યવાહી કોલેજમાં કરવી તેમ ઠરાવવામાં આવ્યું.

૩૮.૧૨/૭૪.૧૨ યુનિવર્સિટી સંલગ્ન સંસ્કૃત મહાવિદ્યાલય/કોલેજનાં અધ્યાપકશ્રીઓને અધ્યયન કરાવવા માટેની માન્યતા આપવા અંગે.

ઠરાવ : યુનિવર્સિટી સંલગ્ન સંસ્કૃત મહાવિદ્યાલય/કોલેજનાં અધ્યાપકશ્રીઓને અધ્યયન કરાવવા માટેની માન્યતા આપવા અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી અને હાલ જે કોલેજ/ મહાવિદ્યાલય યુનિવર્સિટી સાથે સંલગ્ન છે તેમા કાર્યરત અધ્યાપકશ્રીઓને કે જેઓને રાજ્ય સરકારશ્રીનાં શિક્ષણ વિભાગે મહાવિદ્યાલયનાં અધ્યાપક તરીકેની માન્યતા આપેલ છે તેવા અધ્યાપકશ્રીઓને અત્રેની યુનિવર્સિટીનાં શાસ્ત્રી/આચાર્ય અભ્યાસક્રમનાં અધ્યયન કરાવવા માટેની અધ્યાપક તરીકેની માન્યતા આપવા અંગે જે ફોર્મ મંગાવેલા છે તે ચકાસી નિયમાનુસારનાં આવેલ ફોર્મને આધારે અધ્યાપકશ્રીઓને જે તે વિષયનાં અધ્યાપક તરીકે માન્યતા આપવી તેમ સર્વાનુમતે નક્કી કરવામાં આવ્યું.

૩૮.૧૩/૭૪.૧૩ અગાઉનાં વર્ષોમાં જે વિદ્યાર્થીઓએ એમ.ફિલ.સેમેસ્ટર–૧ પાસ કરેલ છે પરંતુ પેપર નંબર–૪નો થીસીસ જમા કરાવેલ નથી તે તમામને સેમેસ્ટર–૧ની માર્કશીટ જે તે વર્ષની આપવા બાબત.અને જે વિદ્યાર્થીઓ ચાલુ વર્ષે પાસ સેમેસ્ટર–૧ પાસ થયેલા છે તે તમામને એમ.ફિલ.સેમેસ્ટર–૧ની માર્કશીટ આપવા બાબત.

ઠરાવ : અગાઉનાં વર્ષોમાં જે વિદ્યાર્થીઓએ એમ.ફિલ.સેમેસ્ટર–૧ પાસ કરેલ છે પરંતુ પેપર નં.૪નો થીસીસ જમા કરાવેલ નથી તે તમામને સેમેસ્ટર–૧ની માર્કશીટ જે તે વર્ષની આપવા અને જે વિદ્યાર્થીઓ ચાલુ વર્ષે પાસ સેમેસ્ટર–૧ પાસ થયેલા છે તે તમામને

Shree Somnath Sanskrit University Veraval Gir Somnath

એમ.ફિલ.સેમેસ્ટર–૧ની માર્કશીટ આપવા અંગે ચર્ચા થઈ અને નિર્ણય કરવામાં આવ્યો કે ચાલુ વર્ષ જે વિદ્યાર્થી એમ.ફિલ. પાસ થાય તેમને સેમ–૧ની માર્કશીટ આપવી જ્યારે અગાઉનાં વર્ષોમાં પાસ થયેલા વિદ્યાર્થીઓને જે વિદ્યાર્થી પોતાનો પેપરનંબર–૪નો થીસીસ જમા કરાવે અને પેપર–૧થી ૪માં પાસ થાય તેમને વર્તમાન પધ્ધતિએ બંને સેમેસ્ટરની માર્કશીટ સાથે આપવી.

૩૮.૧૪/૭૪.૧૪ શ્રી દર્શનમ સંસ્કૃત સંસ્થાન, છારોડી તરફથી આવેલ સંશોધન કેન્દ્રની અરજી અંગે.

ઠરાવ : શ્રી SGVP સંસ્થાન, છારોડી તરફથી સંશોધન કેન્દ્ર શરૂ કરવા માટે અરજી આવેલ છે આ અંગે કુલસચિવશ્રીએ તમામ મહાનુભાવોને જણાવેલ કે હાલ અત્રેની યુનિવર્સિટીમાં એક માત્ર આર્ષ સંશોધન કેન્દ્ર ચાલી રહેલ છે જેમની માન્યતા આપવા અંગેનાં નિયમો ૨૦૦૭નાં વર્ષમાં બનાવેલા હતા. તે બાદ યુ.જી.સી.અને સરકારશ્રીનાં નિયમોમાં મોટા ફેરફાર આવેલ હોય ત્યારે જુના નિયમો મુજબ કાર્યવાહી કરવી કે નવા નિયમો બનાવવા ? ત્યારે સૌ મહાનુભાવો એ નવા નિયમો બનાવી કેન્દ્રને માન્યતા આપવાનું રાખીએ તેમ સુચન થતા નિર્ણય કરવામાં આવ્યો કે માંન.કુલપતિશ્રી પાંચ સભ્યોની એક કમિટિ બનાવે અને તે કમિટિ અગાઉ બનાવેલા નિયમો સાથે યુ.જી.સી.અને સરકારશ્રીનાં પ્રર્વતમાન નિયમોની ચકાસણી કરી નિયમો બનાવે અને તે નિયમો આગામી સત્તામંડળમાં મંજૂર કરી શ્રી SGVP સંસ્થાન, છારોડીને મોકલી આપવા જેથી સંસ્થા તે નિયમો મુજબ અરજી કરી શકે. નવા નિયમોને ધ્યાને લઈ સંસ્થા તરફથી અરજી મળ્યેથી જોડાણ આપવાની LIC વગેરે આનુસાંગિક કાર્યવાહી કરવી તેમ ઠરાવવામાં આવ્યું.

૩૮.૧૫/૭૪.૧૫ દુરવર્તી શિક્ષણમાં જે ડિપ્લોમા અભ્યાસક્રમ ચાલુ કરવાનાં છે તેમનું તૈયાર થયેલ સ્ટડી મટીરીયલની સમીક્ષા કરાવી સ્ટડી મટીરીયલ ફાઈલન કરવા અંગે. તેમજ આગામી શૈક્ષણિક સત્ર ૨૦૨૧–૨૨થી આ ડિપ્લોમા અભ્યાસક્રમને દુરવર્તી શિક્ષણ માધ્યમથી શરૂ કરવા અંગે .

ઠરાવ : દુરવર્તી શિક્ષણ (Distacne Education) માં જે ડિપ્લોમા અભ્યાસક્રમ ચાલુ કરવાનાં છે તેમનું તૈયાર થયેલ સ્ટડી મટીરીયલની સમીક્ષા કરાવી સ્ટડી મટીરીયલ ફાઈલન કરવા અંગે. તેમજ આગામી શૈક્ષણિક સત્ર ૨૦૨૧–૨૨થી આ ડિપ્લોમા અભ્યાસક્રમને દુરવર્તી શિક્ષણ માધ્યમથી શરૂ કરવા અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી અને કુલસચિવશ્રી દ્વારા તમામ સભ્યશ્રીઓને જણાવવામાં આવેલ કે જે જે ડિપ્લોમા અભ્યાસક્રમને દુરવર્તી શિક્ષણમાં સમાવેશ કરેલ છે. તેમનું સ્ટડી મટીરીયલ તૈયાર થઈ આવેલ છે અને તે સંશોધન અર્થે અન્ય વિષય નિષ્ણાંતશ્રીઓને મોકલી આપેલ છે. જે આવ્યેથી તેનું ભાષા પરામર્શન કરી ફાઈનલ કરવામાં આવશે અને સત્રની સમયમર્યાદા માં થઈ જશે તો આગામી સત્રથી વિદ્યાર્થીઓ દુરવર્તી શિક્ષણમાં પ્રવેશ મેળવશે તેઓને આ

Shree Somnath Sanskrit University, Veraval, Gir Somnath

સ્ટડી મટીરીયલ ઉપલબ્ધ કરાવવામાં આવશે. તેમજ આ અંગે જરૂરી નિયમો અને દુરવર્તી કોર્ષનું પ્રારૂપ નકકી કરવાનું ઠરાવવામાં આવ્યું.

૩૮.૧૬/૭૪.૧૬ ડિપ્લોમા ઈન ટુરીઝમ અભ્યાસક્રમને આધુનિક ફેકલ્ટીમાં સમાવવા બાબત.તથા તેમનાં નિયમો તથા અભ્યાસક્રમ અંગે.

**ઠરાવ :** શ્રી સોમનાથ ટ્રસ્ટનાં સહયોગથી આગામી સમયમાં ડિપ્લોમા ઈન ટુરીઝમ અભ્યાસક્રમ શરૂ કરવાનો હોય હાલ આ અભ્યાસક્રમ તૈયાર કરવા માટેની કાર્યવાહી ચાલી રહી છે. આ ડિપ્લોમાં અભ્યાસક્રમ તથા તેમનાં પ્રવેશથી પરિક્ષા સુધીનાં નિયમો તૈયાર થયા બાદ તેમને સંકાયમાંથી મંજૂર કરી અમલમાં મુકવામાં આવશે તેમ કુલસચિવશ્રીએ તમામ સભ્યશ્રીઓને જણાવેલ અને આ ડિપ્લોમા અભ્યાસક્રમને આધુનિક ફેકલ્ટીમાં સમાવવો તેમ નકકી કરવામાં આવ્યું.

૩૮.૧૭/૭૪.૧૭ ભૂતપૂર્વ વિદ્યાર્થી સંગઠનની ચેરીટી કમિશ્નરશ્રીની કચેરીમાં નોંધણી થયેલ છે તેમની જાણ કરવા અંગે તથા તેમની પ્રથમ બેઠકની જાણ કરવા અંગે.

**ઠરાવ :** ભૂતપૂર્વ વિદ્યાર્થી સંગઠનની ચેરીટી કમિશ્નરશ્રીની કચેરીમાં નોંધણી થયેલ છે તેમની જાણ તમામ સભ્યશ્રીઓને કરવામાં આવી અને નોંધણી થયેલ સંગઠનની પ્રથમ કરવામાં આવેલ બેઠકની પણ જાણ કરવામાં આવી તેમજ બેઠકમાં લેવાયેલ નિર્ણયોને બહાલી આપવામાં આવી.

૩૮.૧૮/૭૪.૧૮ આગામી સમયમાં શરૂ થનાર એમ.એ.ઈન જનરલ સંસ્કૃતનાં અભ્યાસક્રમ અંગે.

**ઠરાવ :** યુનિવર્સિટી કેમ્પસનાં પર અનુસ્નાતક વિભાગમાં આગામી સમયમાં શરૂ થનાર એમ.એ. ઈન જનરલ સંસ્કૃતનાં અભ્યાસક્રમ અંગે બનાવેલ કમિટિની પ્રથમ બેઠકમાં નકકી થયા મુજબ હાલ તેમનો અભ્યાસક્રમ અનુસ્નાતક ભવનનાં અધ્યક્ષશ્રીએ તૈયાર કરેલ છે તે અભ્યાસક્રમ કમિટિનાં તમામ સભ્યશ્રીઓને મોકલી આપી જો કોઈ સુધારા વધારા કે ફેરફાર હોય તો તે કરી આ અંગે ફરી એક બેઠક કરી અભ્યાસક્રમ ફાઈનલ કરી ફેકલ્ટીમાં મંજૂર કરાવી અમલમાં મુકવો તેમજ તે અંગેનાં નિયમો અને પ્રારૂપ આગામી બેઠકમાં મંજૂરી અર્થે મુકવું તેમ નકકી કરવામાં આવ્યું. તેમજ આ અભ્યાસક્રમને પણ આધુનિક ફેકલ્ટીમાં સમાવવો તેમ નકકી કરવામાં આવ્યું.

૩૮.૧૯/૭૪.૧૯ આગામી સમયમાં શરૂ થનાર એમ.એ.ઈન હિન્દુ સ્ટડીઝ અભ્યાસક્રમ અંગે.

**ઠરાવ :** યુનિવર્સિટી કેમ્પસ પર આગામી સમયમાં શરૂ થનાર એમ.એ.ઈન હિન્દુ સ્ટડીઝનાં અભ્યાસક્રમ અંગે બનાવેલ કમિટિની બેઠકમાં નકકી થયા મુજબ તેમનો અભ્યાસક્રમ કમિટિએ તૈયાર કરેલ છે તે અભ્યાસક્રમ કમિટિનાં તમામ સભ્યશ્રીઓને મોકલી આપી જો કોઈ સુધારા વધારા કે ફેરફાર હોય તો તે કરી આ અંગે ફરી એક બેઠક કરી અભ્યાસક્રમ ફાઈનલ કરી ફેકલ્ટીમાં મંજૂર કરાવી અમલમાં મુકવો તેમ નકકી કરવામાં આવ્યું. તેમજ આ અભ્યાસક્રમને પણ આધુનિક ફેકલ્ટીમાં સમાવવો તેમ નકકી કરવામાં આવ્યું.

Shree Somnath Sanskrit University Veraval Gir Somnath

૩૮.૨૦/૭૪.૨૦ સર્ચ કમિટિની બેઠક માટે એ.સી./ઈ.સી.ની સંયુકત બેઠકમાંથી મહાનુભાવનું નામ મનોનિત કરવા અંગે.

ઠરાવ : યુનિવર્સિટીમાં હાલ કાર્યરત માન.કુલપતિશ્રી પ્રો.ગોપબંધુ મિશ્ર સાહેબની ત્રણ વર્ષની ટર્મ આગામી તા.૨૩/૦૯/૨૦૨૧નાં રોજ પૂર્ણ થતી હોય નવા માન.કુલપતિશ્રીની પસંદગી કરવા માટે સર્ચ કમિટિનું ગઠન કરવાનું થતું હોય છે.આ અંગે યુનિવર્સિટીનાં એકટમાં જણાવેલ જોગવાઈ મુજબ યુનિવર્સિટીનાં સત્તામંડળમાંથી સત્તામંડળનાં તમામ સભ્યશ્રીઓ કમિટિનાં એક સભ્યશ્રીનું નામ મનોનિત કરતા હોય છે. આ અંગે માન. કુલપતિશ્રી તથા કુલસચિવશ્રીએ તમામ સભ્યશ્રીઓને આ નિયમથી અવગત કર્યા હતા. આ બાબતે ચર્ચા વિચારણા કરતા એ.સી.નાં સભ્યશ્રી જયશંકરભાઈ રાવલ દ્વારા સંસ્કૃત વિષયમાં સ્નાતક થયેલા, સંસ્કૃતનાં કવિ, ભૂતપૂર્વ IAS તેમજ ગુજરાત રાજય સરકારશ્રીમાં સચિવ તરીકે નિવૃત થયેલ, સાહિત્ય અકાદમીનાં અધ્યક્ષ તરીકે ફરજ બજાવી ચુકેલા સંસ્કૃતનાં વિદ્વાન એવા શ્રી ભાગ્યેશ ભાઈ જહાનો પ્રસ્તાવ મુકવામાં આવેલ. તેઓનાં પ્રસ્તાવને એ.સી.નાં સભ્યશ્રી નંદકિશોરભાઈ મહેતા, શ્રી અશ્વિનભાઈ રાજગોર ઈ.સી.નાં સભ્યશ્રી ડો.કૃષ્ણપ્રસાદ નિરૌલાજીએ અને અન્ય તમામ સભ્યશ્રીઓ એ સમર્થન આપતા સર્વાનુમતે સત્તામંડળનાં સભ્ય તરીકે શ્રી ભાગ્યેશભાઈ જહાનું નામ મનોનિત કરવામાં આવ્યું હતું.

૩૮.૨૧/૭૪.૨૧.૦૧ **માન.સભ્યશ્રીઓનાં સુચનો.**

કુલસચિવશ્રી દ્વારા જણાવવામાં આવેલ કે ભારતીય વિદ્યા ભવન, મુંબઈની મધ્યમા પરીક્ષાને ધોરણ–૧૨ સમકક્ષ ગણી શાસ્ત્રીમાં પ્રવેશ આપવા અંગે અત્રે રજૂઆત આવતા આ અંગે માન.કુલપતિશ્રીએ અન્ય સંસ્થાઓમાં તપાસ કરાવેલ હતી જેમાં ભારતીય વિદ્યા ભવન,મુંબઈની મધ્યમા પરીક્ષા પાસ કરેલ વિદ્યાર્થીને ધોરણ–૧૨ સમકક્ષ ગણી શાસ્ત્રીમાં પ્રવેશ આપવો આ બાબતે સર્વાનુમતે સૌ મહાનુભાવોને સહમતી આપેલ હોય યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજ/મહાવિદ્યાલયમાં આવા કોઈ વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવવા માટે આવે તો તેમને પ્રવેશ આપવો તેમ સર્વાનુમતે નિર્ણય કરવામાં આવ્યો.

૩૮.૨૧./૭૪.૨૧.૦૨ અનુસ્નાતક વિભાગનાં અધ્યક્ષશ્રી ડો.લલિતકુમાર પટેલે જણાવેલ કે યુનિવર્સિટી કક્ષાએ અધ્યાપકશ્રીઓને સંશોધન કરવા માટે જરૂરી ગ્રાન્ટનું પ્રાવધાન કરવું જોઈએ આ અંગે વિસ્તુત ચર્ચા કરવામાં આવી અને માન.કુલપતિશ્રીએ જણાવેલ કે આ અંગે આગામી સમયમાં યુનિવર્સિટી કક્ષાએ સંશોધન કરવા માટે અધ્યાપકશ્રીઓને પ્રોજેકટ ફાળવવા માટે રૂા.૫,૦૦,૦૦૦/–(પાંચ લાખ)ની ગ્રાન્ટ અલગથી રાખવામાં આવે. આ બાબતે કુલસચિવશ્રીએ જણાવેલ કે આ અંગેનાં જરૂરી નિયમો બનાવવા જોઈએ અને નાણાંકીય

Shree Somnath Sanskrit University Veraval Gir Somnath

બાબત હોય નાણાં સમિતિમાં મંજૂર કરાવી આ અંગે ગ્રાન્ટની જોગવાઈ કરવી જોઈએ આ બાબતે સર્વાનુમતે નિર્ણય કરવામાં આવેલ કે માન.કુલપતિશ્રી ત્રણ સભ્યોની એક કમિટિ બનાવી કેવી પ્રોજેટકનું પ્રારૂપ, તેની રકમ, પસંદગીનાં નિયમો, રકમ ફાળવણીનાં નિયમો તૈયાર કરે ત્યાર બાદ તૈયાર કરેલ નિયમો આગામી બેઠકમાં રજૂ કરવા તેમ નિર્ણય કરવામાં આવ્યો.

૩૮.૨૨/૭૪.૨૨.૦૧ **માન.કુલપતિશ્રીનાં અધ્યક્ષ સ્થાનેથી :–**

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળ અને નેશનલ લો યુનિવર્સિટી, ગાંધીનગરનાં સંયુકત ઉપક્રમે થયેલ એમ.ઓ.યુ.અંતર્ગત નવો ડિપ્લોમા અભ્યાસક્રમ શરૂ કરવા અંગે માન.કુલપતિશ્રીએ સૌ મહાનુભાવોને અવગત કર્યા હતા અને આગામી સમયમાં આ બંને સંસ્થા મળી નવો ડિપ્લોમા અભ્યાસક્રમ **" સ્મૃતિશાસ્ત્રો અને ભારતીય કાનૂની પ્રણાલી"** શરૂ કરવા જઈ રહી છે. આ અંગેની જવાબદારી આચાર્યશ્રી ડો.એન.એલ.પંડયા સંભાળી રહયા હોય પંડયા સાહેબે જણાવેલ કે આ ડિપ્લોમા અભ્યાસક્રમનો નવો અભ્યાસક્રમ તૈયાર થઈ રહયો છે અને આગામી સમયમાં નિયમાવલી સાથે નવો તૈયાર થયેલ અભ્યાસક્રમ ફેકલ્ટીમાંથી મંજૂર કરી એ.સી.માં બહાલી/મંજૂરી અર્થે રજૂ કરવામાં આવશે. સૌ મહાનુભાવોએ આ તૈયાર થયેલ અભ્યાસક્રમને આવકારેલ તથા નેશનલ લો યુનિવર્સિટી સાથે થયેલ એમ.ઓ.યુ. અંગે ખુશી વ્યકત કરી હતી.

કુલસચિવશ્રી દ્વારા સંયુકત બેઠક પૂર્ણ કરતા પહેલા બેઠકમાં ઉપસ્થિત સર્વે મહાનુભાવોનો આભાર વ્યકત કરવામાં આવ્યો.

સંયુકત બેઠક પૂર્ણ થયા બાદ એકઝીકયુટીવ કાઉન્સિલની અલગથી બેઠકનો પ્રારંભ કરવામાં આવ્યો. જેમાં એકઝીકયુટીવ કાઉન્સિલનાં એજન્ડાને ધ્યાને લઈ ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. જે બાબતે એકઝીકયુટીવ કાઉન્સિલ બેઠકની કાર્યનોંધ અલગથી તૈયાર કરવામાં આવેલ છે.

(ડો.દશરથ જાદવ)
કુલસચિવ
**Registrar**
**Shree somnath Sanskrit University**
**Veraval,Dist.Gir Somnath (Gujarat)**

Shree Somnath Sanskrit University
Veraval
Gir Somnath